રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય (પસંદગી માટેની કાર્યરીતિ) નિયમો, ૨૦૧૭ના તારીખ ૨૫.૭.૨૦૧૭ના જાહેરનામાની જોગવાઈઓમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૭/૨૪૨૫/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : 25 OCT 2017

સંદર્ભ:-

(૧) શિક્ષણ વિભાગના તારીખ ૨૫/૭/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક : GH/SH/77/BMS/1 1151/1295/G.

(૨) શિક્ષણ વિભાગનો તારીખ ૨૯/૧૧/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ.

(૩) નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૪/૧૦/૨૦૧૭નો પત્ર ક્રમાંક : અનદ/૧/ઘ/ માધ્ય/૨૦૧૭/૧૭૫૮૬.

આમુખ:-

આ વિભાગ દ્વારા તારીખ ૨૫/૭/૨૦૧૭ના સંદર્ભ (૧) હેઠળના જાહેરનામાથી રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય (પસંદગી માટેની કાર્યરીતિ) નિયમો, ૨૦૧૭ બહાર પાડવામાં આવેલ છે. નિયામકશ્રી, શાળાઓની કચેરી દ્વારા તારીખ ૪/૧૦/૨૦૧૭ના સંદર્ભ (૨) હેઠળના પત્રથી ઉક્ત જાહેરનામામાં સુધારા કરવા કરેલ દરખાસ્ત અન્વયે તારીખ ૨૫/૭/૨૦૧૭ના સંદર્ભ (૧) હેઠળના જાહેરનામામાં સુધારો બહાર પાડવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, સંદર્ભ (૩) નિયામકશ્રી, શાળાઓની કચેરીના તારીખ ૪.૧૦.૨૦૧૭ના પત્ર ક્રમાંક : અનદ/૧/ઘ/ માધ્ય/૨૦૧૭/૧૭૫૮૬ની વિગતે આ વિભાગના તારીખ ૨૫/૭/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક : GH/SH/77/BMS/1 1151/1295/Gમાં નીચે મુજબના જરૂરી સુધારા કરવામાં આવે છે.

| ક્રમ | તારીખ ૨૫.૭.૨૦૧૭ના જાહેરનામામાં કરવામાં આવેલ સુધારો |
|---|---|
| ૧ | તારીખ ૨૫.૭.૨૦૧૭ના જાહેરનામામાં APPENDIX-1 (see rule 10(4)) ને બદલે હવે APPENDIX-1 (see rule 10(3)) વાંચવું. |
| ૨ | વર્ષ ૨૦૧૭માં HMAT(Head Masters Aptitude Test) ૨૦૦ ગુણની લેવામાં આવેલ છે. તેમ છતાં અગાઉ આ અંગેની પરીક્ષા ૨૫૦ ગુણની લેવામાં આવેલ હોવાથી બન્ને પરીક્ષાના ગુણના આધારે |

વર્ષ ૨૦૧૭માં HMAT-૨૦૧૭ની ૨૦૦ ગુણની પરીક્ષા લેવામાં આવેલ છે અને આચાર્યની ભરતી માટે તૈયાર કરવામાં આવનાર મેરીટ લીસ્ટ તૈયાર કરતી વખતે આ પરીક્ષાના કૂલ ૨૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના બદલે ૨૫૦ ગુણની પરીક્ષા લેવામાં આવી હોય અને જે ગુણ પ્રાપ્ત કરેલ હોત તો તે રીતે ગુણોત્તર પ્રમાણે ઉમેદવારે મેળવેલ ગુણ (માર્ક્સ)ની ગણતરી કરીને મેરીટ લીસ્ટ બનાવવાનું રહેશે.

દા.ત. : કોઇ ઉમેદવારને HMAT-૨૦૧૭માં ૨૦૦ ગુણમાંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે તો તેના મેળવેલ ૫૦% માર્ક્સની સરખામણી માટે ૧૦૦ ગુણ ના બદલે ૧૨૫ ગુણ ગણવાના રહેશે. ( આ ઉદાહરણ માટે છે.)

૩ આ વિભાગના તારીખ ૨૯/૧૧/૨૦૧૧ના સંદર્ભ (૨) હેઠળના ઠરાવની જોગવાઇઓ તારીખ ૨૫/૭/૨૦૧૭ના જાહેરનામાથી નિયત કરવામાં આવેલ રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય (પસંદગી માટેની કાર્યરીતિ) નિયમો, ૨૦૧૭ના સંદર્ભે લાગુ પાડવાની રહેશે.

આ ઠરાવમાં "આચાર્યની જગ્યા માટે ઠરાવેલ લઘુત્તમ અનુભવની લાયકાત વર્ષથી પૂર્ણ કરેલ દરેક વર્ષ વધારાના વર્ષ માટે ૦.૫ ગુણ મળશે અને વધુમાં વધુમાં ૦૫ ગુણ મળશે." તેમ ઠરાવેલ છે તેના બદલે "આચાર્યની જગ્યા માટે ઠરાવેલ લઘુત્તમ અનુભવની લાયકાત વર્ષથી પૂર્ણ કરેલ દરેક વર્ષ અનુભવના વધારાના દરેક વર્ષ માટે ૦.૭ ગુણ મળશે અને વધુમાં વધુમાં ૦૭ ગુણ મળશે." તેમ ઠરાવવામાં આવે છે.

તારીખ ૨૫/૭/૨૦૧૭ના સંદર્ભ (૧) હેઠળના જાહેરનામા તથા તારીખ ૨૯/૧૧/૨૦૧૧ના સંદર્ભ (૨) હેઠળના ઠરાવની અન્ય જોગવાઇ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તારીખ ૨૪.૧૦.૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.એલ.પુજારા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, (શાળાઓ)ની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ ઓનલાઇન અપલોડ કરવા સારૂ.
- નાયબ સેકશન અધિકારી.
- શાખા સિલેક્ટ ફાઇલ.
- ફાઇલ ક્રમાંક : બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ માં રાખવા સારૂ.